## પ્રવચન નં. ૭૧ ગાથા–૧૭૮ મંગળવાર, અષાઢ વદ ૪, તા. ૨૫-૦૭-૧૯૬૭

આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' છે. ૧૭૮ ગાથા. સમ્યગ્દૃષ્ટિ શ્રાવકે પાંચ અણુવ્રત પાળવાની વાત લીધી છે અને તેના રક્ષણ માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. અને એને સરવાળે સંથારો સંલેખના કરવી. સમ્યક્ પ્રકારે કષાયોનું પાતળું પાડવું અને શાંતિથી દેહને વિસર્જન કરવો, એનું નામ સમાધિ અને સંલેખના મરણ કહે છે. સંથારામાં રહેલ પ્રાણીને નિશ્ચય આરાધનાનો ઉપદેશ કેમ કરવો, એની વ્યાખ્યા આપણે ચાલે છે. પાનું ૧૩૮.

**'હે આરાધક!'** જે આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, અનુભવપૂર્વક જેણે પાંચ અણુવ્રત આદિ ચાર શિક્ષાવ્રત પાળ્યા છે અને મરણ વખતે સ્વરૂપની આરાધના માટે કષાયને પાતળા પાડી સંથારો કર્યો છે. સમાધિમરણ પહેલી સ્થિતિ લીધી છે. એને એવા કોઈ વિકલ્પ આવે તો એને સમજાવે કહે છે. આરાધક જીવ એને આરાધકપણું થાય એને સમજાવે છે.

**'હે આરાધક!'** જુઓ! ત્યાંથી ઉપાડ્યું છે ને? **'શ્રુતસ્કંધનું.'** **'एगो मे सासदा आदा'** **'ઇત્યાદિ વાક્ય.'** આત્મા ધ્રુવ શાશ્વત સત્ ચિદાનંદ મૂર્તિ છે, એનું ધ્યાન કર, એનું તું અવલંબન લે. વાક્યની વાત તો વ્યવહારથી થઈ છે. પણ એ વાક્યમાં એવો હું એકલો આ શાશ્વત સત્ ધ્રુવ એકલો જાણક સ્વભાવ... જાણક સ્વભાવથી ભરેલો, જાણનાર એવો હું છું એવી અંતરમાં ચિંતવના કર. ઇત્યાદિ પદને તું વિચાર એમ કહે છે. તને રુચિકર લાગે એમાંથી એક શબ્દ લે. કાં **'अर्हं'** એ અક્ષર એમાંથી તને રુચિકર લાગે કાં **'णमो अरहंताणं'** એ પદ અને **'अर्हं'** **'ઇત્યાદિ અક્ષર– એમાંથી જે તને રુચિકર લાગે, તેનો આશ્રય**

www.vitragvani.com



**કરી...'** **'अर्हं'** પણ હું અર્હંત છું. એમ અંતરમાં વિચાર અને ધ્યાન કર. અને **'णमो अरहंताणं'** પૂર્ણ આનંદ જેને પ્રગટ્યો છે અને અજ્ઞાન ને રાગ-દ્વેષ નાશ કર્યા છે એવા પરમાત્મા તે હું છું એમ વિચાર અને ધ્યાન કર. સમજાણું કાંઈ?

**'તારા ચિત્તને તન્મય કર! હે આર્ય! 'હું એક શાશ્વત આત્મા છું''** પેલો અર્થ કર્યો. હું એક શાશ્વત સત્, એકલું ધ્રુવ સત્, નિત્ય ત્રિકાળ જ્ઞાયકભાવ, એકરૂપ સ્વભાવ એ હું છું એમ અંદર વિચાર કર, ધ્યાન કર. એ મરણ ટાણે શાંતિથી દેહ વિસર્જન કરવાનો કાળ છે. કહો, સમજાણું કાંઈ? **'એ શ્રુતજ્ઞાનથી પોતાના આત્માનો નિશ્ચય કર!'** એવા શ્રુતજ્ઞાન દ્વારા.. છે તો પર્યાય, પણ પર્યાય પૂર્ણ સ્વરૂપનો નિર્ણય કરે છે એમ કહે છે. રાગાદિ નહિ. વર્તમાન જ્ઞાનની અવસ્થા, ધ્રુવ સત્... ધ્રુવ સત્... તેના ઉપર દૃષ્ટિ રાખીને નિર્ણય કરે છે. ધ્રુવ સત્. એનો નિર્ણય કર. પોતાના આત્માનો. જોયું! બીજો આત્મા હવે અત્યારે એ નહિ. તું આ આત્મા છો.

**'સ્વસંવેદનથી આત્માની ભાવના કર!'** જોયું! આ ભાવના. વિકલ્પથી એમ નહિ. હવે દેહ છોડવાના કાળ છે, ભવની સંધિ છે હવે. તે કાળે અંતર આત્મા, અંતર જ્ઞાન અને જ્ઞાનનું વેદન, જ્ઞાન અને જ્ઞાનનું વેદન, જ્ઞાન દ્વારા આત્માનું અંતર અવલંબન લઈ વેદન કર. **'સ્વસંવેદનથી આત્માની ભાવના કર!'** એમ કહે છે. વિકલ્પથી એમ નહિ. શુદ્ધ ધ્રુવ સત્, એકલો જ્ઞાયક-સૂર્ય ... છે. મહા પરમ સત્ છે. એની ભાવના સ્વસંવેદનથી કર. જોયું! ભાવના (કહ્યું). વિકલ્પ ને એમ નહિ. સ્વસંવેદન. જ્ઞાનને જ્ઞાનસ્વભાવ ધ્રુવને, જ્ઞાનસ્વભાવ ધ્રુવને, વર્તમાન પર્યાયને અંતર વાળીને સ્વસંવેદનથી તેની ભાવના કર. સમજાય છે કાંઈ?

**'સમસ્ત ચિંતાઓથી પૃથક્ થઈને...'** નાસ્તિથી વાત કરે છે. સ્વસંવેદનની ભાવના કર એ અસ્તિથી કીધી. આ વિકલ્પની નાસ્તિ કરીને સમજાવે છે. **'પ્રાણ વિસર્જન કર!'** દેહને છોડવાનો આ સમય (છે), તેને છોડ. સમજાણું કાંઈ? જેટલો આત્મા ધ્રુવ સત્, તેને અવલંબીને નિશ્ચય, નિર્ણય, અનુભવ કર્યો છે, પાંચ અણુવ્રત દ્વારા વિશેષ સ્થિરતા પણ પ્રગટ કરી છે. અણુવ્રત વિકલ્પ છે પણ પાછળ સ્થિરતાનો અંશ પણ પ્રગટ કર્યો છે. હવે તો કહે છે કે આ મરણના કાળ છે ને, પ્રભુ! દેહ છોડવાનો કાળ છે તો પ્રભુ! સ્વરૂપ ચૈતન્યને અવલંબને હવે. એ શરણ છે, બીજું કોઈ શરણ નથી. આહાહા..!

ભગવાન પૂર્ણ આનંદની મૂર્તિ છે, સત્ છે, શાશ્વત છે, ધ્રુવ છે એનું વેદન કર, વેદન. એ દ્વારા બધી ચિંતા છોડી દઈને. આ દ્વારા પ્રાણ છોડ, પ્રાણ વિસર્જન કર. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ધન્ય પળ છે ને એ! દેહ છૂટવા ટાણે આમ આત્માના આનંદના વેદનની ભાવના કરીને છોડ એમ કહે છે. 'સેઠી'! બાયડી, છોકરા તો ક્યાંય પડ્યા રહ્યા, અણુવ્રતના વિકલ્પ પણ ક્યાંય પડ્યા રહ્યા. એક સમયની પર્યાયનો પણ વિચાર નહિ. વસ્તુ જે સત્ શુદ્ધ દળ ચૈતન્ય એક સ્વરૂપ એમ ને એમ.. એમ એનું વેદન કરીને દેહ છોડ. આ ધર્મ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કર્યાનું ફળ છે. જિંદગીમાં ધર્મ કર્યો હોય તો એનો સરવાળો આવો હોવો જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ શરણું છે. શરણ કોણ બીજું? આખો ભગવાન ધ્રુવ સત્ત્વ સત્ પડ્યું છે. ચાર શરણ એ છે. અરિહંતનું શરણ, અરિહંત તું. સિદ્ધનું શરણ, સિદ્ધ તું. આચાર્યનું શરણ, આચાર્ય તું. ઉપાધ્યાયનું શરણ, ઉપાધ્યાય તું, સાધુનું શરણ, તું સાધુ. પંચપદની શક્તિને ધરાવનાર તત્ત્વ તું આત્મા જ છો. એ શક્તિની બહાર કોઈ પાંચ પદ રહેતા નથી. આહાહા..! સમજાણું? તું અરિહંત થવાનો છો ને તું. એ અરિહંત થવાનો છે, એ કેવળજ્ઞાન પર્યાય ક્યાંથી આવશે? અત્યારે અરિહંત પદ દ્રવ્યમાં પડ્યું છે.

એક ફેરી એ વાત થઈ હતી. 'તત્ત્વાનુશાસન'. 'તત્ત્વાનુશાસન'માં એક ગાથા લીધી, કે અરિહંતનું ધ્યાન કરવું. અરિહંતનું. જૂઠું છે. અરિહંત તો છે નહિ, અરિહંતનું ધ્યાન તો જૂઠું ઠરે. ના ના, ભાઈ! એમ નથી. અરિહંતનું ધ્યાન, વર્તમાન અરિહંત હું છું એ પર્યાય પ્રગટ કરવાનું એ સત્ અરિહંતપદ અંતર પડ્યું છે. જો સત્‌રૂપે અરિહંત ન હોય તો સત્‌રૂપ પર્યાયમાં સત્‌રૂપ પ્રગટશે ક્યાંથી? માટે સત્‌નું ધ્યાન કરનાર હું અરિહંત છું એનું (ફળ) નિષ્ફળ નથી, એને ફળ શાંતિ મળે છે. સમજાણું કાંઈ? જો ફોગટ હોય તો શાંતિ ક્યાંથી મળે? અને ફોગટ નથી એનું કારણ, કે જે અરિહંતપદ પ્રગટ થવાનું છે, એ સત્‌રૂપે અહીં ન હોય તો નવી પર્યાય અસત્‌પણે પ્રગટે એવું તો બને નહિ. સમજાણું કાંઈ?

તને ખાતરી છે કે નહિ? કે હું તો અરિહંત જ થવાનો છું. આખરે સિદ્ધ થવાનો છું. (એવી) ખાતરી છે ને? એ ખાતરી ક્યાંથી આવી? વર્તમાન ખાતરીની સત્યતા કેમ આવી? સમજાણું કાંઈ? એ વર્તમાન સત્‌ની ખાતરીનું પ્રમાણ શું આવ્યું તને? અરિહંતપદ મારું સ્વરૂપ જ છે. ધ્રુવમાં અરિહંતપદ જ મારું પદ છે. વર્તમાન. સિદ્ધપદ જ મારું વર્તમાનપદ છે. શક્તિ સત્ત્વમાં, વસ્તુમાં, ધ્રુવમાં, શાશ્વત વસ્તુમાં. આચાર્યનું પદ જે વીતરાગ પર્યાય તે પદ પણ મારામાં પદરૂપે પડ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઉપાધ્યાયની જે પર્યાય થવાની હોય તો એ પર્યાય અંદર શક્તિ સત્‌રૂપે પડી છે. એ ન હોય અને પ્રગટે એવું ત્રણ કાળમાં બને નહિ. સાધુપદ. શ્રાવક છે આ તો. સાધુપદ, વીતરાગપદ, અકષાયપદ નથી ને? કહે છે, છે. વસ્તુમાં છે. સમજાણું કાંઈ? વસ્તુમાં વર્તમાન સાધુપદ વીતરાગ પર્યાય જે સત્‌રૂપે પ્રગટવાની છે એ સત્‌રૂપે અંદર શક્તિરૂપે પડી છે. આહાહા..! એ ભરોસે ભગવાનને લે. આવો ભગવાન હું છું. એકદમ વિકલ્પના આલંબન વિના નિરાલંબી પ્રભુ, એને નિરાલંબી ધ્યાનથી એનું ધ્યાન કર. આહાહા..! નિશ્ચય આરાધનાની વાત છે ને આ? સમજાણું કાંઈ?

**'પ્રાણવિસર્જન કર!'** વિસર્જન થવાનો તો સમય જ છે. સમજાય છે? પણ વિસર્જન કર એટલે? એ થવાને કાળે તું લક્ષ એનાથી છોડીને અહીં ધ્યાન આપ એટલે વિસર્જન તેં કર્યું એમ કહેવામાં આવે છે. નહિતર તો છૂટશે જ એ તો. એ તો તે સમયે પ્રાણ

www.vitragvani.com



છૂટવાના જ છે, એમાં કાંઈ ફેરફાર નથી. પણ તેં વિસર્જન કર્યું ક્યારે કહેવાય? સત્ ધ્રુવના અવલંબે સ્વસંવેદનના આનંદમાં રહેતાં દેહ છૂટે તો વિસર્જન કર્યું એમ કહેવામાં આવે. નહિતર એ શરીર તો છોડશે જ, શરીર ક્યાં રહેવાનું છે એનું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પ્રાણ-ફ્રાણ ક્યાં રહ્યા? પર્યાય સામે નહિ ને અહીં તો. આ વસ્તુ આખી ભગવાન સત્ સત્. શાશ્વત એકલું જાણું છું એ હું એમ પણ ક્યાં છે એમાં? જાણવાનો સ્વભાવ સ્વપરપ્રકાશનો પિંડ એ ભેદથી વાત છે. બાકી સ્વપરપ્રકાશનું એકરૂપ એવું સત્ત્વ, એનું સ્વપણું, એનું સ્વસંવેદન પ્રત્યક્ષપણે જ્ઞાનનું વેદન તેને સ્વસંવેદન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સરવાળો ન આવે તો ધર્મ કર્યો શું? એમ કહે છે અહીં તો. મેં ઘણા ધર્મ કર્યા પણ મરવા ટાણે બગડી ગયું. એમ હોય નહિ. સમજાણું કાંઈ? સુધારાના સરવાળાનો સરવાળો બગાડ ન હોય. બગાડના સરવાળાનો બગાડ પરિણામ હોય. સમજાણું કાંઈ? ભાઈ! તારો દેહ તો છૂટશે જ એ સમયે, તે પરદ્રવ્ય છે. પણ સ્વદ્રવ્યના ધ્યાનથી છૂટે તેને વિસર્જન કર્યું કહેવામાં આવે છે. એણે દેહ છોડ્યો. નહિતર દેહ તો તને છોડશે જ. દેહ તો તને છોડશે જ. તું લાખ પ્રયત્ન કર અને ઇન્દ્રને ઉતાર તો પણ કાંઈ ચાલે એવું નથી. આહાહા..! એ તો આવી ગયું, જબરજસ્તીથી દેહ છોડશે. સમજાય છે?

ભગવાનઆત્મા એવી દૃઢ સ્થિરતા દ્વારા, એવી દૃઢ સ્થિરતા દ્વારા દૃઢ વસ્તુ જે વજ્રમય, ચૈતન્ય વજ્રમય ભગવાન, એનું એવી રીતે અવલંબન લે (કે જેથી) શાંતિના વેદનથી દેહ છૂટે. આહાહા..! સમજાણું કાંઈ? તને કોલકરાર થઈ જશે કે હવે આપણા સંસારના અંત આવ્યા. એક-બે ભવ આદિ કોઈ મંદતાને લઈને હો. થઈ રહ્યું. પૂરું થયું. કેવળ પામવાના... પામવાના અને પામવાના એમ થઈ જશે. સમજાણું કાંઈ?

અહીં તો શ્રાવકને પણ મોટી લક્ષ્મી લેશે, હોં! શ્રાવકને લેશે, હોં! છે ને અંદર? જુઓ! ૧૮૦માં. **'वरयति पतिंवरेव स्वयमेव तमुत्सुका शिवपदश्रीः'** ૧૮૦ માં છે જુઓ. મુક્તિ લક્ષ્મી સ્વયંવર માનીને બેઠી છે તને વરી જશે. આહાહા..! શ્રાવકને અહીં કહે છે, હોં! હજી શ્રાવક ધ્યાનમાં સમાધિમરણે છે એને કહે છે. શ્રાવકને મુક્તિ થતી હશે? સમજાણું કાંઈ? હા, હા. એને નક્કી થઈ ગયું કે હવે અલ્પકાળમાં મુક્તિ છે. મુક્તિ વરશે એને એમ કહે છે. સ્વયંવર કન્યા. ૧૮૦માં કહેશે, હોં! ભારે વાત! અલૌકિક વાત છે. આમાં ક્યાંય બહારનું કામ આવે એવું નથી એને. બહારના રાગ કે બહારનો સથવારો કે બહારનું ભણતર કે બહારની વ્યવહારુ શ્રદ્ધા કે વ્યવહારુ આચરણ એ કાંઈ ત્યાં મદદ કરનાર નથી. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ પરનું છોડે ત્યારે જ એને આરાધન થશે, નહિતર થશે જ નહિ એમ

www.vitragvani.com



કહે છે. સમજાણું કાંઈ? શું કહે છે આ? **'एगो मे सासदा आदा'** એમ છે કે આ બીજું પણ કાંઈ મારે ભેગું છે? એમ કહીને ન્યાય મૂક્યો છે. પેલા બધા એમ કહે ને કે બધા થઈને સર્વવ્યાપક એક આત્મા છે. એમ નથી. સમજાય છે કાંઈ? **'एगो मे सासदा आदा'** એમ છે ને? પહેલું પદ છે. 'નિયમસાર'નું છે. 'કુંદકુંદાચાર્ય મહારાજ'નું છે. વેદાંતની સાથે જરા પણ મેળ નથી. આ નિશ્ચયની વાતું લાગે એટલે મેળવે. જરીયે (મેળ) નથી. આ ભગવાન નિશ્ચય જે છે, એ નિશ્ચય પરમ સત્ય છે. એ અપેક્ષાએ એક ન્યાયે પર્યાયને અસત્ય કહી દીધી છે ને? ભાઈ! અભૂતાર્થ કીધી છે ને? અભૂતાર્થ. એ પર્યાયને અભૂતાર્થ કીધી છે, અસત્ કીધી છે. એટલે કો'કને એમ થઈ જાય કે આ તો વેદાંત જેવું થઈ ગયું! એમ નથી.

ચાર પર્યાયો–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે. પણ ત્રિકાળી વસ્તુનું જેને અવલંબન લેવું છે એને માટે સત્ એ નથી. સત્ એ ત્રિકાળ છે. એ અપેક્ષાએ તેનામાં આશરો લઈને અને જે ક્ષાયિક આદિની પૂર્ણ પર્યાય પ્રગટવાની છે, એ બધી શક્તિમાં પડી છે, એવું એ ધ્રુવ છે. સમજાય છે કાંઈ? એવા શાશ્વત ધ્રુવ પદનું અવલંબન લે.

સ્વસંવેદન–પોતાનું ધ્રુવ (સ્વરૂપ) તેમાં એકાગ્ર થઈને પ્રત્યક્ષપણે રાગના અવલંબન વિના પર્યાયમાં દ્રવ્યનું વેદન. વેદન તો પર્યાયનું પર્યાયને છે. પણ દ્રવ્ય ઉપરની દૃષ્ટિએ વેદન (થાય) તેને સ્વસંવેદન પ્રત્યક્ષ મોક્ષના માર્ગનું ફળ, મૃત્યુકાળે, દેહ છૂટવાના પ્રસંગમાં ધર્મીને આવું હોય છે. આહાહા..! લગન કરે પછી છેલ્લે હરખજમણ હોય છે ને? 'ન્યાલભાઈ'! બધા શેઠિયાઓએ ત્યાં ઘરે કર્યા હોય. લગન ત્રણ દિવસ થાય પછી ચોથે દિવસે હરખજમણ કરે ને? આ મરણનું ટાણું હરખજમણનું છે. આહાહા..!

મોટો ચૈતન્યરસનો વજ્રસ્તંભ ભગવાન (છે). જેમાંથી એકલા આનંદ જ ઝરે. આહાહા..! એમાં હું જાણું છું કે હું જાણનાર છું એવો પણ જેમાં અવકાશ નથી. એવો બિંબ ભગવાનઆત્મા, એમાં લક્ષને નાખતા કાંઈ બાકી રહેતું નથી. એવા ભાવે એકવાર પ્રાણને છોડ, ભવને છોડ (તો) ભવનો અભાવ તને નક્કી થઈ જશે. ભવના અભાવકાળે આવા ભાવથી ભવ ટાળ, નક્કી થઈ ગયું. એકાદ-બે ભવે કેવળ લઈને આપણે તો મુક્તિ પામવાના... પામવાના.. ને પામવાના. એમ અંદર થઈ જાય. સમજાય છે કાંઈ? એ વાત છે, બાપુ! આ કાંઈ વાતની વાતું નથી. વાતે વડા પાકે એવા નથી. સમજાણું કાંઈ?

કેટલી એની સજ્જનતા જોઈએ, કેટલી એની સ્વભાવ તરફની દૃષ્ટિનું આરાધન જોઈએ. જેણે આખી દુનિયાની ઉપેક્ષા કરી દીધી. કાંઈ મળ્યું, ન મળ્યું કાંઈ નહિ, સર્વ ઉપેક્ષા. આહાહા..! સમજાણું કાંઈ? એક ભગવાનઆત્મા જેના પેટમાં અનંતા કેવળીઓ, તીર્થંકરો, સત્ આદિ સ્વરૂપ અંદર પડ્યું છે. આહાહા..! એવો ભગવાન ધ્રુવ શાશ્વત, **'एगो मे सासदा आदा'** એવો એક મેં શાશ્વત આત્મા. આહાહા..! કેટલા વચન છે! સમજાણું કાંઈ? એનું વેદન કરી દેહ છોડજે. દેહ છોડ એમ કહે છે. પેલો આરાધક પડ્યો છે એને કહે છે ને. કહો, 'ભીખાભાઈ'!

**'અને જો તારું મન કોઈ ક્ષુધા પરીષહથી અથવા કોઈ ઉપસર્ગથી વિક્ષિપ્ત (વ્યગ્ર) થઈ ગયું હોય તો નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને...'** એ તો એક વધારે (વાત લીધી છે). આ વેદના શું છે, ભાઈ! મહાવેદના આત્માના આનંદની છે, અને આ વેદના આગળ નરકની વેદના, પ્રભુ! તેં અનંતવાર વેદી છે. ભાઈ! દુનિયાની અપેક્ષા રાખ્યા વિના, કોઈની સહાય લીધા વિના તેં ત્યાં દેવ ઊભા હોય અને તેં વેદના વેદી છે. પરમાધામી દેવ ઊભા હોય (અને તેં) મહા નરકની વેદના વેદી, બાપા! એ તારું હયાતીવાળું શાશ્વત તત્ત્વ આવા સ્થાનમાં પણ આવા વેદનમાં અનંતવાર વર્તી ગયું છે. કહો, સમજાણું કાંઈ?

એક આ બંગલો આવ્યો અને એક આ બાયડી આવી અને કાંઈક લુગડા સારા આવી ગયા, આ દેખ્યા કરે કે તેથી અનંતવાર દુઃખની પ્રતિકૂળતા (વેદી). ભાઈ! તેં નરકના વેદન બહુ વેદ્યા છે, ભાઈ! સમજાણું? સ્મરણ કરને, ભાઈ! એ યાદ કર તો આ વેદન તારું ઘટી જશે અને આનંદના વેદનમાં આવી જઈશ. આહાહા..!

નરક આદિ, હોં! પછી પશુ, જુઓને! પશુઓને આમ બાળે, શેકે, જીવતા ને જીવતા શેકે છે, ભાઈ! ભૂંડને. એક ફેરી 'નારણભાઈ' કહેતા હતા. જીવતા ભૂંડને (શેકતા હતા). જોડે કોઈ પારસી હતો. જીવતા ભૂંડને પગે વાળા બાંધી, પગને વાળા બાંધી, મોઢાને વાળા બાંધી, અગ્નિમાં નાખ્યું. શક્કરીયું જેમ શેકવા માંડે એમ જીવતું નાખ્યું. માથે અગ્નિનો ભઠ્ઠો. એ બફાઈને ખાય. આહાહા..! અરે..! તેં શું કર્યું છે પણ જોને! અને એ વેદનામાં તે કાળે કેટલી વેદના હશે? જેને શરીરની એકતાબુદ્ધિ (છે) એની આકુળતાના વેદનનું માપ શું? સમજાણું કાંઈ? એવા વેદનને યાદ કરને, ભાઈ! આ વેદન તને શું? અરે..! મને આમ થાય. થયા હવે. આત્મા આનંદ છે ત્યાં જાને. કહો, સમજાણું આમાં? કોઈ ધ્યાન રાખતું નથી. આ ચાર પહોરના જાગીએ છીએ, કોઈ જોડે બેસતું નથી. હવે તું બેસને અંદર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં સુધી બેસશે? આ મરવા પડે ત્યાં બેસી રહેશે ન્યાં ને ન્યાં? કહો, સમજાણું? આ તમારે એકવાર તૈયારી જેવું થઈ ગયું છે ને? નહિ? તૈયારી જેવુ હતુંને એવું. અહીં સાંભળતા હતા એવું, હોં. 'ભીખાભાઈ'ના સમાચાર થોડા વખતમાં આવશે એવું થઈ ગયું હતું. આહાહા..! પણ એ તો છે એમાં શું ન્યાં? નવા માંડવા નાખ્યા છે તો ઉપડવાના છે ને એકવાર. મોટા રાજા, મહારાજા, રાંક અને ભિખારી, કંથવો અને કથિર, મોટો હાથી. કુંથો અને કુંજર. એ બધાને મળ્યા. એ તો દેહ છૂટ્યે જ (છૂટકો). અંદર છૂટા જ પડ્યા છે. આ ક્ષેત્રાવગાહથી જરા આઘા પડે એને લોકો મરણ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું વિશ્વાસ લાવ. આત્માનો વિશ્વાસ લાવ કે આત્માના આનંદના વેદનથી બધું ભૂલી જવાય એવો હું છું. સમજાય છે કાંઈ? વિશ્વાસ... વિશ્વાસ... વિશ્વાસ પોકાર કર. મારા આત્માના આનંદના વેદન આગળ દુનિયા આખી ભૂલી જાય એવી જાતનો હું છું. સમજાય

www.vitragvani.com



છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વિશ્વાસ. વસ્તુનો વિશ્વાસ જોઈએને? વસ્તુ જેમાં અનેક મહા શક્તિઓ વસેલી પડી છે. સત્... સત્. સત્... શક્તિઓ બધી અનંત શક્તિવાળું સત્, એનો વિશ્વાસ કર કે એ ચીજ એવી છે કે જેના શરણે જતાં દુનિયા આખી ભૂલી જવાય એવું એનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એને યાદ કરજે, ભાઈ! નરકના વેદનને યાદ કરજે. આહાહા..!

**'જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર.'** જોયું! બે વાત. અસ્તિ-નાસ્તિ. નરકના વેદનને યાદ કરજે, ભાઈ! આ તો તને જરી શૂળ છે, આ છે, ક્ષુધા છે. એ નરકની વેદના મનુષ્યની.. આહાહા..! 'લાઠી'ની એક બાઈએ કીધું નહોંતુ? બિચારી તાજેતર પરણેલી અને એમાં શીતળા નીકળ્યા, શીતળા. દાણે દાણે ઇયળું. જુવાન બાય, હોં! 'લાઠી'માં. ... દરવાજે. એ છોડીના બે વરસના પરણેતર. અહીં 'દામનગર' .... એમાં એ ઇયળમાં એને પીડા. પછી કહે આમ તળાઈયું નાખેલી. તળાઈમાં આમ કરે તો આ બાજુ હજારો ઇયળું, આમ ફરે તો આમ હજારો ઈયળું. એકલી ઈયળું નીકળે. બા! મેં આવા પાપ આ ભવમાં કર્યાં નથી. એમ કહેતી. ક્યાંય આમાં સહ્યું જતું નથી. શીતળાને દાણે દાણે ઈયળ. આમ ફરતા અહીં ઢગલો થાય ને આમ ફરતા આમ ઢગલો થાય. દશાશ્રીમાળીની દીકરી હતી. પરણેલી. મરવાની તૈયારી. જુવાન. એટલું બોલતી, બા! આવા પાપ મેં આ ભવમાં નથી કર્યાં. શું આવ્યું આ? સમજાણું કાંઈ? હવે આ વેદના તો નરકને પહેલે પાસડાને અનંતમે ભાગે છે. નરકના દસ હજાર વર્ષની વેદનાનું વેદન એના કરતાં અનંતમે ભાગે છે. આહાહા..!

કહે છે, **'જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર.'** ભૂલને હવે વેદનને. અને ભૂલાય એવો તું છો. આહાહા..! અનંતા પરને ભૂલી, ભગવાન થઈને મોક્ષ પધાર્યા છે. તૈયાર થા, તૈયાર થા. સમજાણું કાંઈ? **'જ્ઞાનામૃતરૂપ સરોવર...'** આહાહા..! ભગવાનઆત્મા એકલા અમૃતનું સ્વરૂપ છે ને. અમૃતસ્વરૂપ ભગવાન છે. અમૃતસ્વરૂપ છે. મરે નહિ એવું અને અમૃત આનંદ આપે એવું. એવો અમૃત ભગવાનઆત્મા છે, એવા સરોવરમાં જા, પ્રવેશ, સ્નાન કર. એ શાંતિમાં આત્માને જબોળ. આહાહા..! કેટલી ધીરજ હોય! કેટલી બહારના વિકલ્પોની ઊપેક્ષા કરી નાખી હોય! દુનિયા ... શરીરની અવસ્થા તો હો એને કારણે, મારે કાંઈ નથી. એવા સમાધિમરણે કહે છે, ભાઈ! તું એકવાર તો શાંતિના સરોવરમાં જા. આહાહા..! ભગવાન તું અશાંતિ, પુણ્ય-પાપની આકુળતામાં ઘણી વાર રહ્યો. શુભ-અશુભ રાગ એવી આકુળતાના વેદન તો, પ્રભુ! તેં અનંતવાર કર્યાં છે. પણ અમૃતરૂપી ભગવાન ચિદાનંદ સરોવરમાં, પ્રભુ! તેં પ્રવેશ કર્યો નથી. જ્યાં પ્રવેશ કર્યે ભવના અભાવ થાય એવું એ તત્ત્વ છે. આહાહા..! કેટલી હૃદયની પવિત્રતા જોઈએ! સમજાય છે? એટલો અંદરથી પરના પ્રત્યેનો અહંકાર છૂટી જવો જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અંહકાર કયા...

ઉત્તર :– ઘણા પ્રકારના અહંકારના ભાવ છે. બીજાઓને એમ કહે કે અમે જો તમને માખણ નથી ચોપડતા, હોં. સાચું કહીએ છીએ. એમ કહીને એક અભિમાન કરે અમે આવા છીએ. અભિમાનની જાત બહુ છે, બાપા! સમજાણું કાંઈ? અહંપણાના સ્થાનો એટલા છે કે એને ભૂલીને આત્મામાં અહંપણું લાવવું એ મહા પ્રયત્નથી આવે છે. સમજાણું કાંઈ? જાણપણાના નામે પણ એમ હોય. ભાઈ! અમને તો એટલું આવડતું નથી. નથી આવડતું એ વાતનું પણ માન લેવા અભિમાન હોય. એ અભિમાને તો મારી નાખ્યા. એવી વાત છે એ. આહાહા..! અહીં કહે છે, કે ભાઈ! આહાહા..! શેના તને અભિમાન? આવા વેદનમાં અનંતવાર ગયો ને પ્રભુ! હવે અહીં આવને. હવે ઠરને, ઠરને. સમજાણું કાંઈ ?

**'સરોવરમાં પ્રવેશ કર. કેમકે અજ્ઞાની જીવ શરીરમાં આત્મબુદ્ધિ...'** જોયું! હું દુઃખી છું, હું સુખી છું એમ મિથ્યાદૃષ્ટિ સંકલ્પ કર્યા કરે છે. હું સુખી છું, હું દુઃખી છું, એવા સંકલ્પ કરીને દુઃખી થયા કરે છે. **'પરંતુ ભેદવિજ્ઞાની જીવ આત્મા અને દેહને ભિન્ન ભિન્ન માનીને દેહને કારણે સુખી દુઃખી થતો નથી,...'** પરના અનુકૂળ-પ્રતિકૂળતાને કારણે સુખ-દુઃખ એ માનતો જ નથી. સમજાય છે કાંઈ? **'ભેદવિજ્ઞાની જીવ...'** રાગથી પણ પર સ્વરૂપ અમારું પ્રધાનપદ ભિન્ન છે. એવા **'ભેદજ્ઞાની જીવ, આત્મા અને દેહને ભિન્ન ભિન્ન માનીને...'** દેહના કોઈપણ પ્રસંગના પર્યાય આદિમાં **'સુખી દુઃખી થતો નથી, પણ વિચારે છે કે મને મરણ જ નથી તો પછી મનોવેદના કેવી?'** (ભય કોનો?) એક વાત.

'જગતને મરણતણી બીક,...' મરણ ક્યાં? કોના મરણ? અમૃતસ્વરૂપ ભગવાન મરે ક્યાં? જન્મે ક્યાં? સમજાણું કાંઈ? ભગવાન પોતે અમૃતનું (ભાજન છે). અમૃત એટલે મોક્ષ કહેવાય છે. એવું આવ્યું હતું, નહિ? અમૃત નહોતું આવ્યું? પહેલા આવ્યું હતું. આહાહા..! મોક્ષ-મોક્ષ, અમૃત. આમાં ક્યાંક શબ્દ આવ્યો હતો. કોઈ ઠેકાણે હતો? કાઢો. મોક્ષ એટલે અમૃત. એય..! ગાથા ૭૮. આ ૧૭૮ (ચાલે) છે, એ એકલી ૭૮ છે, લ્યો. ૭૮ જુઓ!

**'अमृतत्वहेतुभूतं परमहिंसारसायनं लब्ध्वा ।'** જુઓ! આ તો અહિંસારૂપી મોક્ષનું કારણ અમૃત. અમૃતને મોક્ષનું કારણ (કહ્યું). જોયું! **'ઉત્કૃષ્ટ અહિંસારૂપી રસાયણ..'** બીજું પાનું. ૭૬ ગાથા. એ સારી સાંભળેલી છે. એ તો ધર્મ અહિંસારૂપ એટલું છે. મૂળ તો અહીં છે. અમૃત અમૃત. મોક્ષનું કારણભૂત અમૃત, એ ઉત્કૃષ્ટ અહિંસા રસાયણ છે. સ્વભાવ સ્વરૂપ એ પરમ રસાયણ છે. આ રસાયણ ખાઈને, ભસ્મ ખાઈને શરીરને પુષ્ટ નથી કરતા? આ રસાયણ ત્રાંબાની, લોઢાની ભસ્મ ખાય. આ અહિંસા ભસ્મ-રસાયણ. એ વિકલ્પનો અભાવ નિર્વિકલ્પદશા એને અહિંસા અમૃત કહે છે. શુભાશુભ રાગ રહિત ભગવાનના અવલંબે જે શાંતિ પ્રગટે, એને અહિંયા અહિંસા રસાયણ અમૃત કહે છે. આહાહા..!

**'મને મરણ જ નથી તો પછી ભય કોનો?'** શું વસ્તુ મરે? મરીને જાય ક્યાં? ધ્રુવ

www.vitragvani.com



વસ્તુ મરે? શાશ્વત સત્ છે એને મરણ ક્યાં? મરણ નથી તો ડર ક્યાં? **'મને રોગ નથી પછી વેદના કેવી?'** ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન અમૃતનો પિંડ, પ્રભુ! એને રોગ કેવો? રોગ નથી તો વેદના કોની? આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ મરણ મહોત્સવની મહાત મંડાણી છે. બધા બહારના ધૂળના મહોત્સવો તો બહુ કરે. લગનના ને ધૂળના બધા. આકુળતા... આકુળતા... આકુળતા. છોકરાના લગનમાં બેસે મોઢા આગળ બાપ થઈને ચાલે. પચ્ચીસ-પચાસ હજાર ખર્ચવા હોય અને કરિયાવર ને ઢીંકણું, બધા મોળિયા બાંધીને ભેગા કરે. મોળિયા અત્યારે નહિ હોય. ટોપી હોય. ભેગા થયા અને પછી જોવે તો આમ શું? ખાવાના દસ વાગે પાછા મેસુબ ઉડાડવાના હોય. જાંબુડા. શું કહેવાય પેલા? ગુલાબજાંબુ. આહાહા..! અને નિરોગ શરીર અને કાંઈ રૂપાળા શરીર ને એમાં કાંઈ પાચ-દસ લાખના મકાન હોય, પાંચ-પચાસ લાખની મૂડી હોય, જુઓ! પછી તમારે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન.

અરે...! ભગવાન! બાપુ! એ તો શું છે? ભાઈ! એ આકુળતાના મોટા ઊભરા છે. એ આકુળતાના ઊભરા, પ્રભુ! એ શાંતિ નહિ. સમજાણું કાંઈ? એ વિકારના ઊભરા આવ્યા, ભાઈ! એ તો દુઃખ આવ્યું છે. અહીં આનંદના ઊભરા આવે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? અરે...! ભગવાનને અવલંબે અને અહીં આનંદની પર્યાયમાં ખોટ રહે? એમ બને નહિ. સમજાણું કાંઈ?

સૌની પાસે ભગવાનઆત્માના શરણ છે ને, પ્રભુ! આહાહા..! સ્વયં સ્વસંવેદન સ્વરૂપ છે. કોઈની સામું જોવાની એને જરૂર નથી. એ ચીજ જ એવી છે. એ વાત થઈ ગઈ પહેલી. પરથી જણાય એવી એ ચીજ નથી અને પરમાં આને જણાવી (શકે) એવી પરમાં તાકાત નથી. રાગમાં તાકાત નથી કે આત્માને જણાવે અને આત્માની એવી તાકાત નથી કે રાગ વડે જણાય. આહાહા..! સમજાણું કાંઈ? એમ દેવ-ગુરુ-શાસ્ત્રની તાકાત નથી કે સામાને શરણ થાય. આત્માની એવી તાકાત નથી કે પરને લઈને અહીં શરણ થાય. એવી તાકાત અહીં નથી. એવું એ તત્ત્વ છે. એવા એ તત્ત્વને અંદર અનુભવમાં પ્રતીતમાં લઈ, વિશ્વાસે ચડી મરણને ટાણે શાંતિના ઝૂલે ઝૂલતો... હિંડોળે હિંચકે ને? સ્વસંવેદનના આનંદના ઝૂલે ઝૂલતો, છોડી દે એને. અનંતવાર આર્તધ્યાન કરીને (દેહ) છોડ્યા. હવે એક વખત તો કર આ. એક આંટે તારા અનંતા આંટા બંધ થઈ જશે. 'શ્રીમદ્દે' કહ્યું ને? ક્યાં? 'તોયે અરે..! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો.' એક ટળે એટલે બધા ટળ્યા એમ કહે છે. સમજાણું કાંઈ?

**'હું બાળક, વૃદ્ધ યા તરુણ નથી તો પછી મનોવેદના કેવી?'** શું કહે છે? હું બાળક જ નથી તો વળી બાળની લીલા એ મારામાં છે, એ નથી. હું યુવાન નથી તો વિકાર આદિ મારામાં નથી. વૃદ્ધ હોય તો અરે..રે..! વૃદ્ધ થઈ ગયો, એ અવસ્થા થઈ ગઈ. એ પણ હું નથી પછી એ જાતની વેદના મનમાં ક્યાંથી આવી? કહે છે. અરે..! હું બાળક છું માટે આમ. અરે..! હું યુવાન છું માટે આમ. પણ એ ત્રણ તું નથી. તું છો ત્યાં બાળ, વૃદ્ધ

અને યુવાન છે નહિ. આહાહા..! અનંતકાળથી મનને એ બગાડતો જ આવ્યો છે. સુધારવાના ટાણા આવ્યા હોય તો કહે, નહિ આમ નહિ, આમ નહિ આમ, આમ નહિ આમ. આહાહા..!

**'હું બાળક, વૃદ્ધ યા તરુણ નથી તો પછી મનો..'** એટલે મનમાં. અરે..! આ બાળક છું, આ વૃદ્ધ છું, તરુણ છું, એને લઈને જે મનમાં સંકલ્પ થાય એવું કાંઈ છે જ નહિ. હું એ નથી પછી મનમાં એ સંકલ્પનું કારણ જ ક્યાં છે? સમજાણું કાંઈ? આહાહા..! **'હે મહાભાગ્ય! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઈને પ્રતિજ્ઞાથી જરાપણ ચ્યુત ન થઈશ,...'** સમજાણું કાંઈ? કરવાનું આ છે. બાકી બધા મીંડા છે. આહાહા..! વ્રત આદિના વિકલ્પો (કરે) પણ એના સરવાળા જે અંદરની એકાગ્રતાથી આવા ન આવે, (તો) શું કર્યું તેં? એમ કહે છે. સરવાળો સારો આવે એના આંકડા સારા હોય ને? સાચા થયા વિના શી રીતે આવશે? આહાહા..!

**'દૃઢચિત્ત થઈને પરમ નિર્જરાની અભિલાષા કર.'** દૃઢ ચિત્ત થઈને, દૃઢ ચિત્ત થાય એવું કર. અરે..! ઊંડા નાખ્યા થાંભલા હલ્યા હલે નહિ. આ શાશ્વત ભગવાન હલ્યો હલે એ બને કઈ રીતે? માર ચિત્તને, વળગાડ એના ઉપર. ભગવાન ધ્રુવ ભગવાનઆત્મા હલે નહિ. પરિષહ અને ઉપસર્ગથી હલ્યો હલે નહિ. એવી એની તાકાત છે, હોં! એની તાકાત છે. આ તાકાત છે એને આમ પ્રગટ કર એમ કહેવા માગે છે.

**'જો, જ્યાં સુધી તું આત્મચિન્તવન કરતો થકો સંન્યાસ ગ્રહણ કરીને સંથારામાં બેઠો છો, ત્યાં સુધી ક્ષણે ક્ષણે તને પ્રચુર કર્મોનો વિનાશ થાય છે!'** સ્વભાવની સાવધાનીથી પડ્યો છો, બાપુ! તારી શુદ્ધતા વધતી જાય છે, અશુદ્ધતા ઘટતી જાય છે, કર્મ બળતું જાય છે. કર વિશ્વાસ, કર ધ્યાન, ચોંટ પ્રભુને. સમજાય છે કાંઈ?

**'શું તું ધીરવીર પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે?'** પાંડવો આમ.. આહાહા..! રાજકુમારો. જેને આમ જોદ્ધા... સમજાય છે? એવા યોદ્ધાઓ. એકવાર સભા બેઠી હતી. જાધવોની સાથે ભગવાન નેમિનાથ બેઠા હતા. પાંડવો બધા યોદ્ધાઓ બેઠેલા. વાસુદેવ. વાત નીકળતા નીકળતા કોઈ કહે, પાંડવોની યોદ્ધાઈ ઘણી, ભાઈ! એવી વાત નીકળી. એટલી પ્રતીતિ! ત્યાં વળી એક કહે કે એમ નહિ. યોદ્ધા તો નેમિનાથ ભગવાન છે. એ બેઠા જુઓ નાના. એ પાંડવોના તું વખાણ કરે છે પણ ભગવાન જો શાંત બેઠા છે. મુગટ પહેરીને બેઠા છે. જુઓ ત્યાં. નેમિનાથ ભગવાન અને એનું યોદ્ધાપણું... (એમણે) લડાઈ કરી નથી ને? આ લોકોએ તો લડાઈ કરી હતી. લડાઈ કરીને જીત્યા અને બધું પ્રયોગ કરીને યોદ્ધાનું બતાવી દીધું છે. આ ભગવાને તો કાંઈ કર્યું નથી. સાંભળ સાંભળ! એ નેમિનાથ ભગવાનના યોદ્ધા જેવો કોઈ યોદ્ધો નથી. કહો, સમજાણું કાંઈ? પેલા કરેલા કામને એટલે લોકો વખાણે.

એ પાંડવોને પણ ટાણા જ્યારે આવ્યા, ત્યારે યોદ્ધા અંદરમાં ઉતર્યા એ. બહારના વીર્યની જે સ્ફૂરણા હતી, છોડ. એ વીર નહિ. એ તો કાયર જીવના કામ. કાયરોના કામ બીજાની

www.vitragvani.com



સાથે લડવું અને જીતપણું થાવું, એ તો કાયરના કામ છે. આહાહા..! બીજાને બિચારાને પાછા પાડવા, પોતાને અધિક થવું એ તો કાયરના કામ છે. પુરુષાર્થના કામ તો અંદર આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરવું એ પુરુષાર્થનું કામ છે.

વીર તો એને કહીએ કે જે સ્વરૂપની રચના કરે તેને વીર્ય કહીએ. કાંઈ રાગની રચના કરે એને વીર્ય કહેવાય? કહે છે કે હાલ.. હાલ.... આહાહા..! એ વીર્ય નામનો તારો ગુણ જ એવો છે ને, ભગવાન! ભગવાને કહ્યું છે અને એ વીર્યનો એવો સ્વભાવ છે, બળનો એવો સ્વભાવ છે કે સ્વરૂપની શાંતિ, આનંદને રચે એવો એનો સ્વભાવ છે. તારા બળનો એવો સ્વભાવ છે કે આનંદને, શાંતિને રચે એવો તારો સ્વભાવ છે. રાગને રચે એવું તારું સ્વરૂપ છે જ નહિ. આહાહા..! એય..! 'ભીખાભાઈ'! એ કોઈ રચાવે નહિ, હોં! કહે છે. રચે એવો તારો સ્વભાવ છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાંથી જાય વિશ્વાસ? વિશ્વાસ ક્યાંથી આવે એને? હું એક આત્મા, મારું વીર્ય જે બળ છે, આત્મશક્તિ. એ શક્તિની શક્તિ એવી છે, એ શક્તિની શક્તિ એવી છે કે આનંદને જ રચે એવી એ શક્તિની શક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દુઃખને રચે અને પરના કાર્ય કરે, પરને મારે, હરાવે એ તો વસ્તુમાં છે જ નહિ. આહાહા..! આવો આત્મા છે એવો આત્મા માન્યા વિના એણે આત્મા માન્યો નથી. આહાહા..! આમ તો આત્મા-આત્મા કરે છે પણ એ આત્મા કેવો અને કેવડો? સમજાય છે કાંઈ?

**'પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે?...'** અને અહીં તો આપણે પાંડવો નજીક હતા. શેત્રુંજય. આહાહા..! કોઈ વખતે નીકળીએ ત્યારે પાંડવો યાદ આવે. એની કોર જઈએ તો. રવિવાર કે એવું હોય ત્યારે. જુઓ! ભાઈ! આ પાંડવો અહીં મોક્ષ પધાર્યા છે. જુઓ! આ સ્થાન છે. વીર્યને બહારથી વીંટીને અંદરમાં લાવ્યા. શાંત.. શાંત.. અગ્નિના લોઢા પહેરાવ્યા, શીતળતાના અંદર શણગાર પહેર્યા. બહારમાં લોઢાની અગ્નિ. અંદર શીતળતા, શીતળતાના શણગારમાં અંતર અનુભવે છે. શાંત.. શાંત.. શાંત! બહારમાં અગ્નિ, અંદરમાં શીતળતા. બે વિરોધી તત્ત્વ છે ને? સમજાણું કાંઈ? હે ભાઈ! આ તો વિચાર કર, બાપુ! કહે છે. એ.. 'પોપટભાઈ'! 'રણે ચડ્યો રજપુત છૂપે નહિ.' કહે છે કે નહિ? એમ આત્મા મરણને ટાણે તારા વીર્યને પુરુષાર્થને ફોરવ. હવે ગોપવીશ નહિ. ટાણા આવ્યા, ટાણા એમ કહે છે. જાગ રે જાગ.

**'પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે? જેમને લોઢાના ઘરેણાં અગ્નિથી તપાવી શત્રુએ પહેરાવ્યાં હતાં તોપણ તપસ્યાથી કિંચિત્ પણ ચ્યુત ન થતાં...'** તપસ્યા એટલે મુનિપણું શાંત અવિકારી પરિણામ, વીતરાગી મુનિપણું દશા. આહાહા..! એ અહીં શેત્રુંજય થયું છે. ત્રણ પાંડવો મોક્ષ ગયા અને બે પાંડવો સર્વાર્થસિદ્ધમાં ગયા. એમ પણ (વિકલ્પ ન) આવ્યો કે પણ આ અમે

www.vitragvani.com



આ મુનિ થયા છીએ, બાપુ! હવે શું કરવું છે તારે? હવે અમારે કોઈની સાથે વેર નથી. મુનિ થયા અને તું આ લોઢાના દાગીના (પહેરાવે છે). વિકલ્પ કોણ કરે એ? સમજાણું કાંઈ? આહાહા..! જાણે બરફની શીતળતાથી ઢંકાયેલું તત્ત્વ. શાંત.. શાંત... શાંત... ફટ ફાટીને કેવળજ્ઞાન! ત્રણ જણા ત્યાંથી સીધા મોક્ષ પધાર્યા અને બે જણા ત્યાંથી સર્વાર્થસિદ્ધ (ગયા). એકાવતારી થયા. વિકલ્પ રહી ગયો તો. આહાહા..! કહે છે, કે ભાઈ! એ તું ભૂલી ગયો?

**'શું તે મહાસુકુમાર સુકુમાલકુમારનું ચરિત્ર સાંભળ્યું નથી? જેનું શરીર શિયાળે થોડું થોડું કરડીને અતિશય કષ્ટ દેવા..'** માંડ્યું. એક સાથે ખાધું નહિ થોડું... થોડું... થોડું... બટકા ભરવા માંડ્યા. પોતે અંદરના આનંદના કંદમાં ઝૂલતો. શાંત.. શાંત.. શાંત... એ રીતે દેહ છોડ્યો. ભાઈ! તારા પહેલા ઘણા એવા અનંત કેડાયતો સિદ્ધને કેડે ચાલ્યા છે. સમજાય છે? તું પણ સિદ્ધનો કેડાયત છો. ભાઈ! એ કેડે ચાલનારો, તું પૂરું કર. આહાહા..! સમજાણું?

બીજું. **'કિંચિત્ પણ માર્ગચ્યુત ન થતાં જેમણે સર્વાર્થસિદ્ધ સ્વર્ગ પ્રાપ્ત કર્યું હતું. એવા અસંખ્ય ઉદાહરણ શાસ્ત્રમાં છે જેમાં દુસ્સહ ઉપસર્ગો સહન...'** દુઃસહ. સહન ન થાય તેવા ઉપસર્ગો. સાધારણ જનતાથી સહન ન થાય. **'અનેક સાધુઓએ સ્વાર્થસિદ્ધિ કરી છે.'** સ્વ+અર્થ સિદ્ધિ. પોતાના અર્થની સિદ્ધિ કરી. પોતાનો સ્વ અર્થ – પ્રયોજન આનંદનું શાંતિ... શાંતિ... શાંતિ... આરાધક સ્વઅર્થનું કર્યું, સિદ્ધિ કરી. સમજાણું? પેલા 'તારણસ્વામી' કહે, સર્વાર્થસિદ્ધ નહિ. એમ રહેવા દે કીધું, સવાર્થસિદ્ધ આમ રાખો અર્થ. ઊંધું પડશે કીધું. પછી બહુ મલાવા જાશો.... સર્વાર્થસિદ્ધિ ગયાનો અર્થ આમ રાખો. પોતાનો આરાધકપણાનો અર્થ સિદ્ધ કર્યો. સર્વાર્થસિદ્ધિ ગયા એમ રહેવા દો. પછી કહેતો હતો કે કાંઈક ફેરવશું. પણ વાડાના બંધન મારીને એકપણ ફેરવે તો ચાલવા ન દે.

**'શું તારું આ કર્તવ્ય નથી કે તેમનું અનુકરણ કરીને જીવ-ધનાદિમાં નિર્વાંછક થઈ,...'** આ જીવનમાં પણ વાંછા નહિ ને બહારની આબરૂ આદિમાં પણ નહિ. ધન એટલે આબરૂ આદિ. **'અંતર્-બાહ્ય પરિગ્રહના ત્યાગપૂર્વક સામ્યભાવથી નિરુપાધિમાં સ્થિર થઈ આનંદામૃતનું પાન કરવું? અને ઉપરોક્ત ઉપદેશથી સમ્યક્ પ્રકારે કષાયને પાતળા કરી-કૃશ કરી રત્નત્રયની ભાવનારૂપ પરિણમનથી...'** જોયું! ભાવનારૂપ પરિણમનથી એમ છે. ભાવના એમ નહિ (કે) વિકલ્પ. આ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ, એના **'પરિણમનથી પંચ નમસ્કારમંત્ર સ્મરણપૂર્વક સમાધિમરણ...'** પાંચ નમસ્કાર એવા જે આત્માનો સ્વભાવ, એનું અને બાહ્યમાં વિકલ્પ આવે તો સ્મરણ. **'સમાધિમરણ કરવું જોઈએ. – આ સમાધિમરણની સંક્ષેપ વિધિ છે.'**

**'સલ્લેખના પણ અહિંસા છે'** એ હવે કહેશે. એ સલ્લેખના પણ એક અહિંસા છે. આચાર્ય ત્યાંથી જ ઉપાડતા આવ્યા છે. અહિંસા... અહિંસા... અહિંસા. જેટલો રાગ ઘટીને સ્થિરતા થઈ તે અહિંસા. સલ્લેખના અહિંસા, ભગવાનના વીતરાગના માર્ગની. એની વ્યાખ્યા કરશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)